**ઘુંઘટે ઢાંકયું રે**

(ફિલ્મઃ મેંદી રંગ લાગ્યો)

ઘુંઘટે ઢાંક્યું રે એક કોડિયું, હું તો નીસરી ભર બજારજી
લાજી મરૂં, મારો સાહ્યબો ખોવાયો કોને કહું આવી વાતજી.
ટોડલે (૨) મેં તો તોરણ બાંધ્યા, મારી મેડીયું ઝાકઝમાળજી
જોબન ઝરૂખે રૂડી ઝાલરૂ વાગે ઝાંઝર ઘુઘરમાળજી - ઘુંઘટે -
રાત ઢળી ઘેરા ઘડીયાળા વાગ્યા પ્રગટના ફુટ્યા દોરજી
તોયે ન આવ્યો મારો સાહ્યબો સલુણો હું તો જાગી આઠે પ્હોરજી
ગરવા ગુરૂએ એક શબ્દ સુણાવ્યો મને લાગ્યા આતમજ્ઞાનજી
ભીતર જોયું ત્યાં તો ભાળ્યો સાહ્યબો, આળસ એક અજ્ઞાનજી
ઘુંઘટે ઢાંક્યું રે એક કોડિયું.

------